જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૨/૨૦૨૦ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૦૪/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૦૧૮ | ૧૩ | ૧૧૦૩૧ | ૧૭૧૬૧ | ૧ | ૧૭૧૬૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૭૯ | ૦ | ૪૬૭૯ | ૬૨૦૨ | ૦ | ૬૨૦૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૨ | ૦ | ૬૨ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૨૪૧૫ | ૩૨૯ | ૨૨૭૪૪ | ૨૩૫૮૨ | ૩૩૭ | ૨૩૯૧૯ |
| કુલ | | ૩૮૧૭૪ | ૩૪૨ | ૩૮૫૧૬ | ૪૭૨૦૫ | ૩૩૮ | ૪૭૫૪૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૭૫ | ૧૫,૩૫,૦૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૦૫૫ | ૪૦,૫૫,૦૦૦/- |

# SHE TEAM ની કામગીરી

## રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન

આજરોજ સાબરમતી રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં SHE TEAM પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ડાઉનવોક-વે માં એક મહિલા ક્રિષ્નાબહેન વિશાલભાઈ ભાવસાર (ઉ.વ.૨૪) (રહે. રત્નરાજ રેસીડેન્સી સી.ટી.એમ.અમદાવાદ) નાઓ રડતા હોય અને સાબરમતી નદીના પાણીમા પડવાનું વિચારતા હોય જે ક્રિષ્નાબહેનને SHE TEAM દ્વારા પોલીસ સ્ટેશન લાવી હકારાત્મક કાઉન્સિલીંગ કરી તેમના પરિવારને સહી સલામત સોંપી રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન SHE TEAM દ્વારા સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.



# <u>પાસા અટકાયતની વિગત</u>

## <u>મેઘાણીનગર પોલીસ સ્ટેશન (૧)</u>

## <u>શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં શરીર સબંધી ગુનામાં પકડાયેલ આરોપી નામે હિતેષ રોહિતભાઈ જાતે. મારવાડી ઉ.વ.૩૭ રહે. બ્લોક નં.૫ ની પાછળ છાપરામાં, મ્યુ.સ્લમ ક્વાટર્સ, પતરાવાળી ચાલી, ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં..૮૦/૨૦૧૮ ઈ.પી.કો કલમ ૩૯૪, ૨૯૪(ખ), ૪૩૫, ૧૧૪ મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૬૫/૨૦૧૯ ઈ.પી.કો કલમ ૩૦૨,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,,૨૯૪(ખ),૩૨૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ ના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૩૭૪/૨૦૨૦ તા.૨૧/૧૨/૨૦૨૦ થી પાસા અટકાયત તરીકે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમને આજરોજ તા.૨૧/૧૨/૨૦૨૦ ના કલાક ૨૩/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે મોકલી આપેલ છે.તા.૨૧/૧૨/૨૦૨૦

## <u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>

(૧) પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ

(૨) લોકરક્ષક જતીનકુમાર દિનેશભાઈ બ.નં.૧૨૭૯૮

(૩) લોકરક્ષક રિતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫

(૪) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૫) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



## મેઘાણીનગર પોલીસ સ્ટેશન (૨)

## પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં પ્રોહિબીશનના ગુનામાં પકડાયેલ આરોપી નામે ગોપેન્દ્ર ઉર્ફે ગોવિંદ પ્રતાપનારાયણ જાતે કેવટ ઉ.વ.૧૯ રહે. મ.નં.૭, પરશુરામનગર છેલ્લી લાઈન, ચામુંડાનગરની અંદર, લીમડા બસ સ્ટેન્ડ, ભાર્ગવ રોડ, મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન. ગામ. અનરુધ્ધનગર તા.અજીતમલ જી.ઓરૈયા ઉત્તરપ્રદેશ  નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતે મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ.સી.ગુ.ર.નં.૧૧૧૯૧033૨૦૨૧3૨/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧  મુજબનો ગુનો નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ:-ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/ ૧૩૭૬/
૨૦૨૦ તા.૨૧/૧૨/૨૦૨૦ થી પાસા અટકાયતી તરીકે "મધ્યસ્થ જેલ રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી પાસા અટકાયતી અટકાયતીને આજરોજ તા.૨૧/૧૨/૨૦૨૦ ના કલાક ૨૩/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ રાજકોટ" ખાતે મોકલી આપેલ છે.તા.૨૧/૧૨/૨૦૨૦

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પ્રો.પો.સબ ઇન્સ. વી.એ.હરકટ
(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦
(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



## રાણીપ પોલીસ સ્ટેશન

## રાણીપ પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશન સબંધી ગુનો કરતા ઇસમની પાસા હેઠળ અટકાયત કરવા બાબત.

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી “એલ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓ દ્વારા રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તાર માં પ્રોહીબીશનની પ્રવૃત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોઇ જે સુચના આધારે અત્રેના પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહીની પ્રવૃત્તી આચરતા પકડાયેલ ઇસમ ભાવેશ સોમાભાઇ સોલંકી ઉં.વ.૨૧ રહે.ચામુંડામાતા ની ચાલી, રામાપીર નો ટેકરો, જુનાવાડજ,અમદાવાદશહેર નાઓને મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નંબર ક્રમાંક/ પીસીબી/ડીટીએન/પાસા/ ૧૩૭૭/ ૨૦૨૦ તા.૨૧/૧૨/૨૦૨૦ અન્વયે પાસા હેઠળ અટકાયત કરી તા-૨૧/૧૨/૨૦૨૦ કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી સુરત જેલ ખાતે અટકાયતમાં રહેવા સારૂ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

### કામગીરી કરનાર કર્મચારી

(૧) અ.હેડ કોન્સ છત્રસિંહ ફતેસિંહ બ.નં.૩૩૬૩
(૨) અ.પો.કો. શૈલેશકુમાર મહાદેવભાઇ બ.નં. ૯૭૫૪
(૩) લો.ર.દીલીપકુમાર વીરજીભાઇ બ.નં ૧૧૯૪૬



## નરોડા પોલીસ સ્ટેશન

## પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૫૫૦૩/૨૦૧૯ પ્રોહી એકટ કલમ ૬૫(ઇ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબનો ગુના દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/ ૧૩૬૭/૨૦૨૦ તા-૨૦/૧૨/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૨૦/૧૨/૨૦૨૦ ના કલાક ૨૨/૪૦ વાગે પાસા હુકમની કાયદેસર બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી લાજપોર સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૨૦/૧૨/૨૦૨૦

## આરોપીનુ નામ –

નરેશભાઇ નાથુલાલ અસારી ઉ.વ.૪૦ રહે:ગામ બ્રાહ્મણ બરોઠી નાનકીપાદરી તા.ખેરવાડા જી.ઉદેપુર રાજસ્થાન

## કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ.એ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૧૯૭ લીટર દેશી દારૂ, ૪૮૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૫ બિયર ટીન, ૨ કાર, ૨ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૭/૨૦૨૦**

**સરખેજઃ** પ્રશાંત કિશનલાલ દિગવાલ (રહે. સુલય રો-હાઉસ બકેરી સીટી વેજલપુર) એ તા.૨૧/૧૨/૨૦૨૦ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે માર્ચ-૨૦૨૦ થી ઓકટોબર/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ એસ.જી.હાઈવે વોડાફોન હાઉસ બીલ્ડીંગ-બી માં વડાફોન ઈન્ડીયા સર્વીસ પ્રા.લી.કંપનીમાં કામ કરતા કર્મચારી કંપનીમાંથી લેપટોપ નંગ-૭૬ કિમત રૂપિયા ૧૯,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી નુરમહંમદ અબ્દુલલતીફ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૮/૨૦૨૦**

**એલીસબ્રીજઃ** દેવરાજભાઇ પરષોત્તમભાઇ ચૌહાણ (ઉ.વ.૨૩) (રહે.મહેનતપુરાના છાપરાં આંબાવાડી એલીસબ્રીજ) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૨/૨૦૨૦ સાજના ૭/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનોદભાઇ બાબુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી